RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 290 * Date: 09.08.2025,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## બ્રાઝિલના રાષ્ટ્રપતિએ PM મોદી સાથે વાત કરી

# ટ્રમ્પ સાથે નહીં, મોદી સાથે વાત કરીશ : નેતન્યાહૂ



બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા ડિ સિલ્વાએ ગુરુવારે વડાપ્રધાન મોદીને ફોન કર્યો હતો. આ દરમિયાન, બંને નેતાઓએ ગયા મહિને પીએમ મોદીની બ્રાઝિલ મુલાકાત અંગે ચર્ચા કરી હતી. જેમાં તેઓ વેપાર, ટેકનોલોજી, ઉર્જા, સંરક્ષણ અને કૃષિ જેવા મુદ્દાઓ પર પરસ્પર સહયોગને મજબૂત બનાવવા સંમત થયા હતા.બંને નેતાઓએ ભારત-બ્રાઝિલ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ વિકસાવવાની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો. તેમણે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી.બુધવારે અગાઉ, સિલ્વાએ યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાતચીતની ઓફરને નકારી કાઢી હતી. પછી તેમણે કહ્યું હતું કે હું ટ્રમ્પને ટેરિફ પર વાત કરવા માટે ફોન કરીશ નહીં. તેના બદલે, હું પીએમ નરેન્દ્ર મોદી અને શી જિનપિંગ જેવા નેતાઓ સાથે વાત કરવા માંગુ છું.બ્રાઝિલના રાષ્ટ્રપતિ કાર્યાલય અનુસાર, લુલા અને મોદીએ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપાર વાર્ષિક ઈ૨૦ બિલિયનથી વધુ વધારવાની વાત કરી, જે ગયા વર્ષે લગભગ ઈ૧૨ બિલિયન હતો.બ્રાઝિલે કહ્યું કે તેઓ ભારત અને દક્ષિણ અમેરિકન વેપાર જૂથ મર્કોસુર વચ્ચેના વેપાર કરારની પહોંચને વિસ્તૃત કરવા માટે પણ સંમત થયા છે, અને તેમના દેશોના વર્ચ્યુઅલ પેમેન્ટ પ્લેટફોર્મ પર ચર્ચા કરી છે.ભારતીય વિદેશ મંત્રાલયે પ્રેસ રિલીઝમાં ટ્રમ્પ કે યુએસ ટેરિફનો ઉલ્લેખ કર્યો નથી. જોકે, બંને નેતાઓએ પરસ્પર હિતના વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી.અમેરિકાએ હાલમાં બ્રાઝિલ અને ભારત પર ૫૦% ટેરિફ લાદ્યો છે. ટ્રમ્પે રશિયાનું ઓઈલ ખરીદવા બદલ ભારત પર ટેરિફ લાદ્યો છે, જ્યારે બ્રાઝિલ પર ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારો સામે કાર્યવાહી થવાને કારણે ટેરિફ લાદ્યો છે.આ દરમિયાન, ભારત અને અમેરિકા વચ્ચે વધતા વેપાર તણાવ વચ્ચે, ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ભારતને એશિયામાં એક ×ખાસ× દેશ ગણાવ્યો.ઈઝરાયલી પીએમએ ભારત અને ઈઝરાયલ વચ્ચેના મજબૂત સંરક્ષણ સહયોગની પણ પ્રશંસા કરી, ખાસ કરીને ઓપરેશન સિંદૂરમાં ઈઝરાયલી લશ્કરી સાધનોના ઉપયોગની. તેમણે કહ્યું કે આ સાધનો યુદ્ધમાં ઉત્તમ સાબિત થયા.૨૨ એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારતે ૭ મેના રોજ પાકિસ્તાન વિરુદ્ધ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું. આ દરમિયાન, ભારતે ઈઝરાયેલી હાર્પી અને સ્કાયસ્ટ્રાઈકર જેવા ×આત્મઘાતી ડ્રોન×નો ઉપયોગ કર્યો, જેણે પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમ અને ચીની રડારને નષ્ટ કરી દીધા.

## ૫ નહીં ફક્ત ૩ વર્ષમાં ડૉક્ટર બનાવી રહ્યું છે અમેરિકા!

અમેરિકામાં ડોક્ટર બનવું એ એક લાંબી અને ખર્ચાળ પ્રોસેસ હોય છે. ભારત કરતાં ત્યાં વિપરીત છે, ત્યાં તમે ૧૨માં ધોરણ પછી સ્મ્જી કરીને ડોક્ટર બની શકતા નથી. સૌથી પહેલા ત્યાં ચાર વર્ષનું ગ્રેજ્યુએશન કરવું પડે છે, પછી સ્ઝ્છ્ જેવી પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. એ પછી વિદ્યાર્થીઓને 'ડોક્ટર ઓફ મેડિસિન' (સ્હ્) કોર્ષ માટે મેડિકલ કોલેજોમાં એડમિશન મળે છે. અમેરિકામાં સ્હ્ કોર્ષ પૂર્ણ કરવામાં ચાર વર્ષ લાગે છે. જો કે, જો તમારી પાસે એટલો સમય ન હોય તો અહીં અન્ય ઓપ્શન પણ છે.હકીકતમાં, અમેરિકામાં ત્રણ વર્ષમાં પણ ડોક્ટર બની શકાય છે. અહીંની કેટલીક યુનિવર્સિટીઓમાં ત્રણ વર્ષનો સ્હ્ કોર્ષ પણ ચલાવવામાં આવે છે, જેને ફાસ્ટ-ટ્રેક પ્રોગ્રામ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. હાલમાં ૩ વર્ષનો સ્હ્ કોર્સ અમેરિકામાં ખૂબ જ પોપુલર બની રહ્યો છે. જેમાં વિદ્યાર્થીઓને ઓછા સમયમાં આખો કોર્સ શીખવવામાં આવે છે. જેથી તેમની ટ્યુશન ફી સાથે, તેઓ રેસિડેન્સીમાં પણ એડમિશન મેળવી શકે છે. જેથી તેઓ જલ્દીથી ડોક્ટર બનીને દર્દીઓની સારવાર કરવાનું ઓપ્શન પણ મળી રહે છે. ડોક્ટરોનો અભાવઃ હાલમાં અમેરિકા ડોક્ટરોની અછત વર્તાઈ રહી છે. ખાસ કરીને ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં. તેને ૨૦૩૪ સુધીમાં ૧.૨૫ લાખ ડોક્ટરોની અછતનો સામનો કરવો પડશે. તેથી ૩ વર્ષનો કોર્ષ કરીને વિદ્યાર્થીઓ ઝડપથી ડોક્ટર બની શકશે.વિદ્યાર્થી દેવું ઓછુ કરવુંઃ મેડિકલ સ્કૂલમાં અભ્યાસનો સમયગાળો ઘટાડવાથી ટ્યુશન ફી પણ ઘટે છે, જેના કારણે વિદ્યાર્થીઓનું દેવું પણ ઘટે છે અને તેઓ જલ્દીથી પોતાનું કરિયર શરૂ કરી શકે છે અને તે સાથે બાકી રહેલી લોન પણ વિદ્યાર્થીઓ ઝડપી પૂરી કરી શકે છે.

## ચૂંટણી પંચે કહ્યું-રાહુલના દાવા સાચા હોય તો સહી કરે:નહીંતર દેશની માફી માંગે; પ્રિયંકા

ચૂંટણી પંચે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને કહ્યું છે કે જો તેઓ માને છે કે મત ચોરીના તેમના દાવા સાચા છે, તો તેઓ સોગંદનામા પર સહી કરે. જો તેઓ તેમના દાવાઓમાં વિશ્વાસ ન કરતા હોય, તો તેઓ દેશની માફી માંગે.ન્યૂઝ એજન્સી છ્દ્રૈએ ચૂંટણી પંચના સૂત્રોને ટાંકીને આ માહિતી આપી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, જો રાહુલ માને છે કે ચૂંટણી પંચ સામેના તેમના આરોપો સાચા છે, તો તેમણે સોગંદનામા પર સહી કરવામાં કોઈ સમસ્યા ન હોવી જોઈએ.ખરેખરમાં, રાહુલે ગુરુવારે દિલ્હીમાં એક પ્રેઝન્ટેશન દ્વારા મતદાર યાદીમાં ગોટાળા અને મત ચોરીનો આરોપ લગાવ્યો હતો. રાહુલે કહ્યું કે અમે અહીં મત ચોરીનું એક મોડેલ રજૂ કર્યું છે, મને લાગે છે કે આ મોડેલનો ઉપયોગ દેશની ઘણી લોકસભા અને વિધાનસભાઓમાં થયો હતો.જ્યારે ચૂંટણી પંચ તરફથી સોગંદનામાનો મામલો સામે આવ્યો ત્યારે પ્રિયંકા ગાંધીએ કહ્યું- રાહુલ ગાંધીએ મત ચોરી પર મોટો ખુલાસો કર્યો છે, જેની તપાસ થવી જોઈએ.ચૂંટણી પંચ મતદાર યાદી આપી રહ્યું નથી, આ બાબતની તપાસ કરવાને બદલે,



તે સોગંદનામું માંગી રહ્યું છે. અમે સતત ડેટા બતાવી રહ્યા છીએ, પરંતુ ચૂંટણી પંચ તેને સ્વીકારવા તૈયાર નથી.કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે મતદાર યાદીમાં ગેરરીતિઓ પર ૧ કલાક ૧૧ મિનિટનું ૨૨ પાનાનું પ્રેઝન્ટેશન આપ્યું. રાહુલે કર્ણાટકની મતદાર યાદી સ્ક્રીન પર બતાવી અને કહ્યું કે મતદાર યાદીમાં શંકાસ્પદ મતદારો છે.તેમણે કહ્યું કે મહારાષ્ટ્રના પરિણામો જોયા પછી, અમારી શંકા ઘેરી બની કે ચૂંટણીમાં ચોરી થઈ હતી. મશીન રીડેબલ મતદાર યાદી પૂરી ન પાડીને, અમને ખાતરી થઈ ગઈ કે ચૂંટણી પંચે ભાજપ સાથે મળીને મહારાષ્ટ્રની ચૂંટણીમાં ચોરી કરી છે.રાહુલે કહ્યું કે અમે અહીં મત ચોરીનું એક મોડેલ રજૂ કર્યું, મને લાગે છે કે આ જ મોડેલનો ઉપયોગ દેશની ઘણી લોકસભા અને વિધાનસભાઓમાં થયો હતો.કર્ણાટક ચૂંટણી પંચે રાહુલના આરોપો પર સોગંદનામું માંગ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે તેમણે લેખિતમાંફરિયાદ કરવી જોઈએ જેથી આગળની કાર્યવાહી કરી શકાય.

## ટ્રમ્પના ટેરિફે હવે ગોલ્ડ માર્કેટ હચમચાવ્યું: રેકોર્ડ સ્તર પર પહોંચ્યા ભાવ, હજુ ભારે તેજીના એંધાણ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગોલ્ડ બાર પર ટેરિફ લાદવાનો નિર્ણય જાહેર કરતાં કિંમતી ધાતુના ભાવમાં આકર્ષક ઉછાળો નોંધાયો છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ગોલ્ડ ફ્યુચર્સ રેકોર્ડ ટોચે પહોંચ્યું છે. જ્યારે સ્થાનિક બજારમાં પણ સોનું ૧,૦૪,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ સપાટી કુદાવી ગયું છે. ચાંદી પણ રૂ. ૧,૧૬,૦૦૦ પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ રહી છે.

અમેરિકી મીડિયા અનુસાર, યુએસ કસ્ટમ્સે ૧ કિગ્રા અને ૧૦૦ ઔંસના ગોલ્ડ બારને ટેરિફ કેટેગરીમાં સામેલ કર્યા છે. આ નિર્ણય ખાસ કરીને સ્વિટ્ઝરલેન્ડ જેવા દેશોને પ્રભાવિત કરશે. જે વિશ્વમાં સૌથી ટોચનું ગોલ્ડ




રિફાઈનિંગ હબ છે. સ્વિટ્ઝરલેન્ડે છેલ્લા એક વર્ષમાં અમેરિકામાં ૬૧.૫ અબજ ડોલરના સોનાની નિકાસ કરી હતી. ટ્રમ્પના આ પગલાંથી બેન્ક સેટલમેન્ટ અને ગોલ્ડ ટ્રેડમાં મુશ્કેલીઓ આવી શકે છે. જેના લીધે વૈશ્વિક બજારોમાં સોનાના ભાવોમાં તેજી જોવા મળી હતી.

અમદાવાદમાં આજે સોનાનો ભાવ રૂ. ૮૦૦ ઉછળી રૂ. ૧,૦૪,૩૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યા હતા. જ્યારે ચાંદી રૂ. ૧,૧૬,૦૦૦ પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ રહી હતી. તહેવારોની આવતીકાલથી શરૂ થઈ રહેલી સીઝનમાં કિંમતી ધાતુના ભાવ રેકોર્ડ ટોચે નોંધાતા સ્થાનિક બજારમાં ઘરાકીનો અભાવ જોવા મળ્યો છે. વૈશ્વિક પરિબળોના પગલે સોના-ચાંદી હજી નવી રેકોર્ડ સપાટી નોંધાવે તેવી શક્યતા સાથે પ્રોફિટ બુકિંગ વધી શકે છે.

ટ્રમ્પના વિવિધ દેશો પર ટેરિફ બોમ્બના કારણે મોંઘવારી વધવાની ભીતિ સર્જાઈ છે. ડોલર નબળો પડ્યો છે. ફેડના વ્યાજ દરો ઘટવાની અપેક્ષા વચ્ચે રોકાણકારો સેફ હેવન તરફ ડાયવર્ટ થયા છે. જેના લીધે સોનાના ભાવ રેકોર્ડ સ્તરે વધી રહ્યા છે. રોકાણકારો માટે આ એક મજબૂત સેફ હેવન સાબિત થઈ રહ્યું છે. વૈશ્વિક સ્તરે સ્પોટ ગોલ્ડ આજે ૨૯.૩૦ ડોલર ઉછળી ૩૪૮૩.૫૦ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યું છે. જ્યારે સિલ્વર ૦.૩૧૧ ડોલર વધી ૩૮.૬૦ ડોલર પ્રતિ ઔંસ પર ક્વોટ થઈ રહી છે.

## બારાબંકીમાં ચાલતી બસ પર વૃક્ષ પડતાં ૫ના મોત, ફસાયેલી મહિલા વીડિયો બનાવતા લોકો પર ભડકી

ઉત્તર પ્રદેશના બારાબંકીમાં મૂશળધાર વરસાદ વચ્ચે મોટો અકસ્માત સર્જાયો હતો, જ્યાં મુસાફરોથી ભરેલી રોડવેઝ બસ પર એક મહાકાય ઝાડ ધરાશાયી થયું હતું. આ દુર્ઘટનામાં પાંચ લોકોના મોત નિપજ્યા અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોમાંથી બેની સ્થિતિ ગંભીર જણાવવામાં આવી રહી છે. વૃક્ષ ધરાશાયી થયા બાદ કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. જોકે, બાદમાં પોલીસ તંત્ર દ્વારા ઘટનાસ્થળે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી રૂટ ક્લિઅર કરવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, બારાબંકી-હૈદરગઢ માર્ગ પર હરખ રાજા બજાર પાસે આ અકસ્માત સર્જાયો હતો. અહીં મુસાફરોથી ભરેલી બસ પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક તેના પર ઝાડ પડ્યું હતું.



ત્યારબાદ ઘટનાસ્થળે લોકોની ભીડ એકઠી થઈ ગઈ અને બસમાં સવાર મુસાફરો ડરના માર્યા બૂમો પાડીને જીવ બચાવવા મદદ માંગી રહ્યા હતા. ઘણાં લોકો પોતાનો જીવ બચાવવા માટે બસની બારીથી કૂદતા જોવા મળ્યા હતા. આ દુર્ઘટનામાં અનેક ઈજાગ્રસ્ત પણ થયા હતા. જોકે, સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કતરી હતી. આ દરમિયાન બસમાં ફસાયેલી મહિલા પીડિત મુસાફરોનો વીડિયો બનાવનાર વ્યક્તિ પર રોષે ભરાઈ હતી. મહિલાએ કહ્યું કે, અહીં જિંદગી અને મોતનો સવાલ છે અને તમે વીડિયો બનાવી રહ્યા છે. જો ઝાડની ડાળી દૂર કરવામાં મદદ કરતા તો અમે બહાર નીકળી જાત.' ત્યારબાદ વીડિયો શૂટ કરી રહેલા વ્યક્તિને લોકોએ ત્યાંથી દૂર હટાવ્યો.

આ અકસ્માતમાં ચાર મહિલા સહિત પાંચ લોકોના મોતની પુષ્ટિ થઈ છે.

## તંત્રી લેખ..

# ટેરિફથી ભારતની રત્નો અને ઝવેરાતની નિકાસમાં ૭૫% ઘટાડો થવાની સંભાવના

અમદાવાદ : ભારતમાંથી રત્ન અને ઝવેરાત ઉત્પાદનો પર યુએસ આયાત ટેરિફમાં તાજેતરમાં વધારાને કારણે દ્વિપક્ષીય વેપારમાં નોંધપાત્ર વિક્ષેપ પડવાની સંભાવના છે. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫થી અમલમાં આવતા, વિવિધ રત્નો અને ઝવેરાતની ચીજવસ્તુઓ પર યુએસએ દ્વારા ૫૦% ટેરિફ લાદવામા આવ્યો છે, જેમાં કટ અને પોલિશ્ડ હીરા, લેબ-ગ્રોન હીરા, સોનું, ચાંદી, પ્લેટિનમ અને ઈમિટેશન જ્વેલરીનો સમાવેશ થાય છે.આ અંગે ટિપ્પણી કરતા, જ્વેલરી ક્ષેત્રના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, આ પરિસ્થિતિના કારણે ગંભીર આર્થિક પરિણામો આવવાની ધારણા છે, ખાસ કરીને રોજગાર પર. આગામી ૪-૫ મહિનામાં અંદાજે ૧૨૫,૦૦૦ લોકો નોકરીઓ ગુમાવી શકે છે, જે મોટે ભાગે સુરત અને મુંબઈના હીરા, પોલિશિંગ અને જ્વેલરી ઉત્પાદનમાં રોકાયેલા કામદારો હશે.બંને દેશો દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે, જે આદર્શ રીતે આ વર્ષે નવેમ્બર સુધીમાં પૂર્ણ થવાની વકી છે. જ્યાં સુધી વેપાર કરાર પર વાટાઘાટો ન થાય ત્યાં સુધી, આ દંડાત્મક ટેરિફ ભારતના રત્ન અને ઝવેરાત ક્ષેત્ર પર ગંભીર અસર કરશે, જેની નિકાસ, રોજગાર અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા પર દૂરગામી અસરો થશે.જ્વેલરી ક્ષેત્રના સૂત્રો આશા રાખે છે કે સરકાર ખૂબ જ વિલંબિત સેઝ સુધારાઓ અને ચોક્કસ પગલાં ભરશે જે વૈશ્વિક સ્તરે ઈકોમર્સને વેગ આપશે કારણ કે ઉદ્યોગને બજાર વૈવિધ્યકરણ અપનાવવું પડશે. તાત્કાલિક ધોરણે અન્ય વિકાસશીલ બજારો, ખાસ કરીને બ્રિક્સ સાથે કરારની ની પણ ખૂબ જ જરૂર છે. આ ઉપરાંત, સરકાર મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે બજેટ પણ ફાળવશે અને આ આર્થિક અનિશ્ચિતતાને દૂર કરવામાં મદદ કરશે.

# ફક્ત રશિયાનું ઓઈલ નહીં પણ ભારતની આ વાતને લઈને પણ ટ્રમ્પને પેટમાં દુ:ખે છે!



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. જે ૨૭મી ઓગસ્ટ સુધીમાં ભારત પર લાગુ કરવામાં આવશે, જેની પાછળનું કારણ ભારત દ્વારા રશિયાનું ઓઈલ ખરીદવું હોવાનું કહેવાય છે. જોકે, ભારત પર ટેરિફ લાદવાનું એક જ કારણ નથી, પરંતુ તેની પાછળ ઘણાં કારણો હોઈ શકે છે. ભારત સામે કડક વલણ અપનાવતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, 'જ્યાં સુધી ટેરિફનો મુદ્દો ઉકેલાય નહીં ત્યાં સુધી કોઈ વાતચીત થશે નહીં.' તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકાની ટીમ વેપાર વાટાઘાટો (ભારત-યુએસ ટ્રેડ ટોક) માટે ભારત આવવાની છે. ત્યારે એ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે કે અમેરિકા ભારત પર દરેક રીતે દબાણ વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે, જેથી ભારત દબાણમાં આવીને અમેરિકાની શરતો સ્વીકારે.

અહેવાલો અનુસાર, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈચ્છે છે કે ભારત અમેરિકાના કૃષિ ઉત્પાદનો અને ડેરી ઉત્પાદનો પર ટેરિફ ઘટાડે, જેથી આ અમેરિકાના ઉત્પાદનો ભારત જેવા મોટા બજારમાં પ્રવેશ મેળવી શકે. પરંતુ ભારત આ ક્ષેત્રોને વધુ પ્રાથમિકતા આપે છે. નિષ્ણાતોનું કહેવું છે કે, 'જો ભારત આ ક્ષેત્ર અમેરિકા માટે ખોલશે, તો ખેડૂતોની આવક પર અસર પડશે, જેથી ભારત સમાધાન કરવા માંગશે નહીં.'

અમેરિકા કૃષિ અને ડેરી ઉત્પાદનો પર ટેરિફમાં ૧૦૦ ટકા ઘટાડો કરવાની માંગ કરી રહ્યું છે. આ ઉપરાંત અમેરિકા એ પણ ઈચ્છે છે કે ભારત રશિયાનું ઓઈલ આયાત ઘટાડે અને અમેરિકાથી વધુ ઓઈલ આયાત કરે. જ્યારે ભારત અમેરિકા કરતા રશિયા પાસેથી સસ્તું તેલ મેળવી રહ્યું છે.

અમેરિકન ડૉલર એ આખી દુનિયામાં વપરાતી કરન્સી છે. છેલ્લા આઠ દાયકાથી એટલે કે વર્ષ ૧૯૪૪થી બધા દેશો વેપાર માટે યુએસ ડૉલરનો ઉપયોગ કરી રહ્યા છે. વિશ્વભરની સેન્ટ્રલ બેંકો ડૉલર રિઝર્વ રાખે છે. અહેવાલો અનુસાર, લગભગ ૯૦ ટકા વિદેશી વ્યવહારો ડોલરમાં થાય છે. પરંતુ બ્રિક્સ દેશોએ તેના પર નિર્ભરતા ઘટાડવા માટે પગલાં લીધાં છે, જેનાથી ટ્રમ્પ નારાજ છે.ડોનાલ્ડ ટ્રમ્પ બ્રિક્સ દેશોથી પણ ડરે છે કારણ કે આ સંગઠનના દેશો મળીને વિશ્વ અર્થતંત્રમાં ૩૫ ટકા યોગદાન આપે છે. આવી સ્થિતિમાં જો આ દેશો અમેરિકા અને ડૉલરનો વિરોધ કરે છે, તો અમેરિકા એક મહાસત્તા તરીકેનું પોતાનું સ્થાન ગુમાવી શકે છે.આ ઉપરાંત ડૉલરને વિશ્વ ચલણમાંથી દૂર કરી શકાય છે.

# ટેરિફથી ઓટો કમ્પોનન્ટસના રૂપિયા ૬૧,૦૦૦ કરોડના વેપારને અસર થશે



અમદાવાદ : અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર સંબંધોમાં ફરી એકવાર તણાવ વધતો જોવા મળી રહ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતમાંથી આયાત થતી વસ્તુઓ પર ૨૫ ટકાનો ટેરિફ લાદ્યા બાદ વધુ ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી છે. આ ૫૦ ટકા ટેરિફ બાદ પણ હજી ભારત પર આકરા નિર્ણયો લેવાની ચિમકી ટ્રમ્પે ઉચ્ચારતા ભારતના અમેરિકામાં નિર્યાત થતા માલસામાન પર એક મોટો બોજો પડવાનો અંદાજ છે.

ભારતથી નિકાસ થતી પ્રોડક્ટો પર કુલ યુએસનો આયાત ડ્યુટી દર ૫૦ ટકા સુધી પહોંચતા સૌથી વધુ અસર ઓટોમોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ ઉદ્યોગ પર પડશે. ટ્રમ્પના ટેરિફ ટેરિરિઝમની સૌથી મોટી અસર ભારતના ઓટો પાર્ટ્સ નિકાસ પર જોવા મળશે. અમેરિકા ભારતીય ઓટો કમ્પોનન્ટ્સ માટે એક મોટું બજાર છે અને વાર્ષિક આશરે ૭ અબજ ડોલર એટલેકે લગભગ ૬૧,૦૦૦ કરોડ રૂપિયાનો માલસામાન ત્યાં મોકલવામાં આવે છે પરંતુ ટેરિફમાં અચાનક આ વધારો આ વેપારને લગભગ અડધો કરશે.

નવી ડ્યુટીની અસર ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫થી દેખાશે. આ દિવસથી ભારતમાંથી અમેરિકામાં નિકાસ થતા ઓટો પાર્ટ્સ અને અન્ય અસરગ્રસ્ત ઉત્પાદનો પર ૫૦ ટકા આયાત ડ્યુટી લાગુ થશે.

નિષ્ણાતોનું માનવું છે કે જો આ સ્થિતિ ચાલુ રહેશે, તો ઓટો ક્ષેત્રમાં ભારતની અમેરિકા સાથેની વેપાર ખાધ નોંધપાત્ર રીતે વધી શકે છે. આનાથી માત્ર કંપનીઓની કમાણી પર જ અસર થશે નહીં, પરંતુ રોજગારીની તકો પણ પ્રભાવિત થઈ શકે છે, ખાસ કરીને અમેરિકામાં નિકાસ પર આધારિત એકમોને મોટો ફટકો પડશે.

# વધારાના ૨૫ ટકા ટેરિફથી નિકાસલક્ષી ક્ષેત્રોમાં ફફડાટ: નાણાંકીય રાહતો જાહેર થશે



મુંબઈ : અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર વધુ ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાની કરાયેલી જાહેરાત સામે દેશમાં કાર્યરત વિવિધ નિકાસલક્ષી ક્ષેત્રો સાથે સંકળાયેલાઓએ ભારે ચિંતા વ્યકત કરવામાં આવી છે અને નિકાસકારોને ટેકો પૂરો પાડવા રજૂઆત કરવામાં આવી છે. ગારમેન્ટસ, ઓટો કમ્પોનેન્ટ, જેમ્સ એન્ડ જવેલરી તથા ફૂટવેર જેવા દેશના ક્ષેત્રો અમેરિકામાં મોટી નિકાસ બજાર ધરાવે છે.

ટેરિફ વધારીને બમણો કરાતા માઈક્રો અને મીડિયમ એપરલ ઉદ્યોગનો મૃત્યુ ઘંટ વાગી જશે. ખાસ કરીને અમેરિકાની બજાર પર નિર્ભર નિકાસકારોને મોટો ફટકો પડશે એમ જણાવી એપરલ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલે ઉદ્યોગ માટે સરકાર તરફથી તાત્કાલિક નાણાંકીય પ્રોત્સાહનો પૂરા પડાય તેવી માગણી કરવામાં આવી છે. એપરલ ઉદ્યોગ આટલા જંગી ટેરિફને સહન કરી શકે એમ નથી. ટેરિફમાં આ અવ્યવહારુ વધારાથી માઈક્રો અને મીડિયમ એપરલ ઉદ્યોગ, ખાસ કરીને અમેરિકામાં નિકાસ ધરાવતા ઉપક્રમોનો મૃત્યુ ઘંટ વાગી જશે સિવાય કે સરકાર તેમની માટે રાજકોષિય ટેકો જાહેર કરે.દેશમાંથી રેડીમેડ ગારમેન્ટસની નિકાસ માટે અમેરિકા મુખ્ય બજાર છે. ૨૦૨૪માં ગારમેન્ટની કુલ નિકાસમાંથી ૩૩ ટકા નિકાસ અમેરિકા ખાતે થઈ હતી. અમેરિકામાં ગારમેન્ટની નિકાસમાં ભારત ટોચનો મોટો દેશ છે. ટ્રમ્પના નિર્ણયથી ઓટો કમ્પોનેન્ટ ઉદ્યોગ સામે ટૂંકા ગાળે પડકારો ઊભા થશે ત્યારે આ ક્ષેત્રની સ્પર્ધાત્મકતા વધારવા અને નવી બજારો શોધવા પર ઓટો કમ્પોનેન્ટ ઉદ્યોગના સુત્રોએ ભાર આપ્યો હતો. ભારતના ઓટો કમ્પોનેન્ટસ ઉદ્યોગ માટે અમેરિકા મહત્વનું વેપાર ભાગીદાર છે. નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતમાંથી ઓટો કમ્પોનેન્ટસની થયેલી ૨૨.૯૦ અબજ ડોલરની નિકાસમાંથી ૨૭ ટકા નિકાસ અમેરિકામાં થઈ હતી એમ ઓટોમોટિવ કમ્પોનેન્ટ મેન્યુફેકચરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા જણાવાયું હતું.

અમેરિકામાં ઊંચા ટેરિફને ધ્યાનમાં રાખી દેશનો જેમ એન્ડ જવેલરી ઉદ્યોગ નીચા ટેરિફ સાથેના દેશો જેમ કે દૂબઈ તથા મેક્સિકો ખાતે ઉત્પાદન એકમો ઊભા કરવા વિચારતા થયા છે. આવા દેશો ખાતે એકમો ઊભા કરી ત્યાંથી અમેરિકામાં નિકાસ કરવાનું સરળ પડશે એમ જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગના સુત્રો માની રહ્યા છે. આમ નહીં કરવામાં આવે તો નિકાસ વેપાર માટે કયામતના દિવસો આવી જશે તેવી પણ ઉદ્યોગ દ્વારા લાગણી વ્યકત કરવામાં આવી છે. સેવા તથા માલસામાનની નિકાસ માટે ભારત નવી બજારો શોધી રહ્યું છે. ભારતના માલસામાન પર અમેરિકાના જંગી ટેરિફને ધ્યાનમાં રાખી નિકાસમાં વૈવિધ્યતા લાવવાના ભાગરૂપ નવી બજારો શોધવામાં આવી રહી હોવાનું વિદેશ મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. ભારત નવી તકો ઉપરાંત નવી બજારો પણ શોધી રહ્યું હોવાનું સ્પષ્ટ કર્યું હતું. દક્ષિણ એશિયા, આફ્રિકા, મધ્ય પૂર્વ તથા લેટિન અમેરિકાના દેશો ખાતે ભારત નવી બજારો શોધી રહ્યું છે.

# ટેરિફની ચિંતા તથા ભારે વરસાદને પગલે જુલાઈમાં ઓટો વેચાણમાં ઘટાડો



ટેરિફની ચિંતા તથા ભારે વરસાદને પગલે જુલાઈમાં ઓટો વેચાણમાં ઘટાડો ૧ - દ્વક્ષ્મીમુંબઈ : અમેરિકા દ્વારા લાગુ કરાયેલા ટેરિફની અસર સંદર્ભમાં અસ્પષ્ટતા, આઈટી ક્ષેત્રમાં રોજગારમાં કાપ તથા દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદને પરિણામે વર્તમાન વર્ષના જુલાઈમાં દેશમાં ઓટો રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે ૪.૩૦ ટકા ઘટાડો જોવા મળ્યો છે.ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના ડેટા પ્રમાણે વર્તમાન વર્ષના જુલાઈમાં કુલ ૧૯.૬૦ લાખ વાહનો વેચાયા છે જે ગયા વર્ષના જુલાઈમાં ૨૦.૫૦ લાખ વેચાયા હતા. વાહનોમાં ટુ વ્હીલર્સના વેચાણમાં ૬.૫૦ ટકા જ્યારે ઊતારૂ વાહનોના વેચાણમાં એક ટકો ઘટાડો નોંધાયો છે. સતત ત્રણ મહિના સુધી વેચાણમાં વૃદ્ધિ બાદ જુલાઈમાં ઓટો રિટેલ વેચાણ આંકમાં ઘટાડો જોવા મળ્યો છે. ટુ વ્હીલર્સનું વેચાણ ૬.૫૦ ટકા ઘટી ૧૩.૬૦ લાખ રહ્યું છે. ખરીફ વાવણીની કામગીરી અને ભારે વરસાદને કારણે ટુ વ્હીલર્સમાં ગ્રામ્ય માગ મંદ રહી હતી. જો કે ઓગસ્ટમાં તહેવારો નિમિત્તે માગ નીકળવાની ડીલરોને અપેક્ષા હોવાનું ફાડા દ્વારા જારી નિવેદનમાં જણાવાયું હતું. જૂનની સરખામણીએ જુલાઈમાં ઊતારૂ વાહનોના વેચાણમાં ૧૦.૩૮ ટકા વધારો થયો છે, પરંતુ વાર્ષિક ધોરણે ૦.૮૦ ટકા ઘટાડો નોંધાયો છે. ગ્રામ્યની સરખામણીએ જુલાઈમાં ઊતારૂ વાહનોની શહેરી માગ સ્થિર રહી હતી. ચોમાસાની સાનુકૂળ સ્થિતિ અને કૃષિ સબસિડીને સમયસર છૂટી કરાતા ટ્રેક્ટર્સની માગમાં ૧૧ ટકા જેટલો વધારો જોવા મળ્યો હોવાનું પણ ફાડાના ડેટા જણાવે છે.

# પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ - સરગાસણની મહિલા સભ્યો દ્વારા ટ્રસ્ટના ભાઈઓને રાખડી બાંધી ભાઈ બહેનના હેતની લાગણી વ્યક્ત કરી.





ગાંધીનગર ના ભદ્ર એવા સરગાસણ વિસ્તારમાં માનવતા ની મહેંક ફેલાવી રહેલા "પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ "ના આદ્યસ્થાપક શ્રી હીંમતભાઈ પટેલેકોઈ પણ જાતના પદ પ્રતિષ્ઠા અને પૈસા ની અપેક્ષા થી પર રહી પરમાર્થ ના કામ કરવા હેતુ વર્ષે ૨૦૧૯ માં પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી.

આ સેવા ભાવ ની શરૂઆત કોરોના ની વિકટ પરિસ્થિતિમાં રોજ કમાઈને પેટિયું રળતા ગરીબ પરિવારો ના ઘર સુધી દરરોજ બે ટાઈમ ગરમ ભોજન પહોચાડવાથી થઈ. વર્ષે ૨૦૧૯ની શરુઆતમાં હાલના પ્રમુખ શ્રી હીંમતભાઈ પટેલ અને શ્રી જગદીશભાઈ નમેરાજી અને એમના બે ચાર મિત્રો ના સેવા કાર્યે થી પ્રભાવિત થઈ આ વિસ્તારમાંથી ૨૨૦ જેટલા યુવાનો વડીલો અને બહેનો ટ્રસ્ટ ના આજીવન સભ્ય તરીકે જોડાઈ ચૂક્યા છે

દિવ્ય ભાવ સાથે સતત પ્રયત્નશીલ એવુ આ ટ્રસ્ટ સામાજિક ધાર્મિક શૈક્ષણિક આરોગ્ય લક્ષી, પર્યાવરણ જતન , આપણી કહેવાતી સામાજિક સંસ્થાઓ, સંગઠનો કે રાજકીય આગેવાનો ટીપી ૦૯ વિસ્તાર ના પ્રશ્નો માટે અવાજ ઉઠાવવા માં નિષ્ફળ ગયા ત્યારે જે તે પ્રશ્નો ને પરિણામ સુધી પહોંચાડવા નું કામ પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ કરી રહ્યુ છે પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ ના સેવા કાર્યો થી પ્રભાવિત થઈ ને આ વિસ્તાર મહિલા અગ્રણી શ્રી વર્ષાબેન શુક્લ ના નેતૃત્વ મા ખૂબ મોટી સંખ્યામાં બહેનો પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ ની પ્રવૃત્તિ સાથે ખભેખભા મિલાવી ટ્રસ્ટ ના કાર્યોને એક નવી ઊર્જા આપી રહ્યા છે

૯-ગરીબો લક્ષી સેવા

૧-સૌની દીવાલ ના જરુરિયાત મંદ ગરીબો ને સહાયરૂપ બનવુ

૨-દીવાળીના મહાપર્વમા કોર્પોરેશન ના સફાઈ કામદાર ને ગીફ્ટ અને મીઠાઈ આપવી

૩- શીયાળામાં સ્કૂલ ના બાળકો ને સ્વેટર વિતરણ કરવું અને અભ્યાસ ની કીટ આપવી

૪- સંતાનો થી તરછોડાયેલા વડીલો ને વૃધ્ધાશ્રમમાં જઈ મીષ્ઠાન ભોજન પ્રસાદ સેવા

૫-અબોલ પશુપંખી માટે પાણી ના કુંડા નું વિતરણ

૬- રાહદારીઓ માટે પાણીની પરબ

જેવા વિવિધ જીવદયા ના કાર્યો ને લીધે પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટે સરગાસણ વિસ્તારના સ્થાનિક રહીશો ના હદય માં આગવું સ્થાન ઊભું કર્યું છે

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NG: N .O. G. S. S. No.0102.**
વિષયઃ- રક્ષાબંધન.
શીર્ષક :-રક્ષાબંધન.
પ્રકાર :-ગદ્ય લેખ. શબ્દ સંખ્યાઃ-૨૮૫.

તારીખ ?૯/૮/૩૦૨૫ શુક્રવારના દિવસે રક્ષાબંધનનો તહેવાર આવે છે. ભાઈ બહેનના પવિત્ર સંબંધોનો આ તહેવાર એ રક્ષાબંધન આ દિવસે બહેન પોતાના ભાઈના હાથમાં રાખડી બાંધે છે ,તિલક કરે છે, મીઠું મોઢું કરાવે છે, અને તેના બદલામાં ભાઈ બહેનને યથોક્ષિત દક્ષિણ આપી તેનું સ્વાગત કરે છે.

રક્ષાબંધનનો અર્થ એ થાય છે કે ભાઈ પોતાની બહેનનું રક્ષણ કરશે. દુઃખના સમયમાં ભાઈ તેની સાથે ઉભો રહેશે આ ભાવથી આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે.

પ્રાચીન કાળથી આ તહેવાર ચાલ્યો આવે છે. કુંતીએ પોતાના પૌત્ર અભિમન્યુને મહાભારતના યુદ્ધમાં લડવા જતી વખતે રક્ષાબંધન કરેલું હતું ત્યારથી આ પ્રથા આખા દેશમાં ચાલી આવે છે.

આજના જમાનામાં રક્ષાબંધન દિવસે ભાઈ અને બહેન એકબીજાથી ઘણા બધા દૂર હોય છે. બહેનના લગ્ન થઈ ગયા હોય, ભાઈ નોકરી કરતો હોય આવા સંજોગોમાં બેન પોતાના ભાઈને ટપાલ દ્વારા રક્ષા મોકલાવે છે અને ભાઈ રક્ષાબંધનને દિવસે આ રાખડી બાંધે છે. તન મન ધનથી બહેનની રક્ષા કરવાની તૈયારી બતાવે છે.

રક્ષાબંધનને દિવસે બળેવ પણ હોય છે. આ દિવસેબ્રાહ્મણો નવું યજ્ઞો પવિત ધારણ કરે છે. આ યજ્ઞો પવિત બ્રાહ્મણોને પોતાના કર્તવ્યની યાદ આપે છે. માતા-પિતા ગુરુ અને દેવ અનેક પ્રકારના ઋણમાંથી મુક્તિ મેળવવા માટે અને તેની ફરજો અદા કરવા માટે બ્રાહ્મણો યજ્ઞો પવિત ધારણ કરે છે. ગાયત્રી માળાનો જાપ કરે છે .બ્રાહ્મણો એકઠા મળી અને સાથે ભોજન કરે છે. આ દિવસને બ્રાહ્મણોની દિવાળી તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ દિવસને નાળિયેરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે વહાણવટી લોકો પોતે દરિયો ખેડવા માટે પોતાની નાવનું પૂજન કરે છે અને દરિયો ખેડવાની તે દિવસે શરૂઆત કરે છે. તેને નવા નારોજ તરીકે પણ ઓળખવામાં આવે છે. ખારવા સમાજ અને દરિયા કિનારાનારે રહેતા લોકો આ દિવસને આ રીતે ઉજવે છે.

આમ રક્ષાબંધન બ્રાહ્મણોની દિવાળી બળેવ અને નાળિયેરી પૂનમ આ ત્રણે તહેવારો એકી સાથે આખા દેશમાં આનંદપૂર્વક ઉજવવામાં આવે છે.

રતીલાલ વાયડા
નવી મુંબઈ.

**NG: NOG SS NO 224**
વિષય :- રક્ષાબંધન
શીર્ષક :- ભાઈ-બહેન
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૯૬

ભાઈ-બહેનના પાવક પ્રેમનું પ્રતીક રક્ષા,
બાર મહિને આવતા પવિત્ર પર્વની પ્રતીક્ષા.

સૂતરનો તાંતણો હેતે ભાઈના કાંડે બંધાતો,
બહેનને રક્ષા બક્ષવાનો મૂંગો વાયદો થાતો.

રક્ષાબંધન તો છે સંસ્કાર, પ્રાર્થના ને સંસ્કૃતિ,
માત-પિતાના સ્વર્ગવાસ બાદ ભાઈ ખરી ભક્તિ.

ફિલ્મી જગત પણ અધૂરું જો ના હોય રાખડી,
સરહદે સૈનિકો હોંશથી બંધાવે છે રાખડી.

જેલમાં કેદીઓને પણ હાથે બંધાય રાખડી,
બહેન ના હોય એ ભાઈ પણ બંધાવે રાખડી.

ભાઈનું દીર્ઘાયુ ઝંખતી ચાંલ્લો આરતી કરતી,
પૂજા કરી ગોળ-મીઠાઈથી મોં મીઠું કરાવતી.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

**NG: NOGG SS no 351**
વિષયઃ રક્ષાબંધન
શીર્ષકઃ ઝીણી ઝીણી રાખડી
પ્રકારઃ ગીત શબ્દઃ ૭૨

આંખડી મારી ભીની ભીની રે લોલ,
જુવે વાટડી ઝીણી ઝીણી રાખડીની , મારો ભઈલો.
રાખડીના તાતણામાં ગુંથાયેલી હું ,
કંકુ ચોખા ઝીણા ઝીણા વાટકી મા રે લોલ,
વીરો મારી વાટડી જોવે જોવે ઝીણી ઝીણી આંખડી મા રે લોલ,
દીવો જગમગે ઝીણો ઝીણો,
ઉપર પેંડા અને બરફીની મોજ.
હૈયામાં હામ રાખીને તને બાંધુ ઝીણી ઝીણી રાખડી રે લોલ,
કેમ કરી ને આવું તું બહુ દૂર ,
રાખડીના તાતણામાં ગુંથાયેલી હું.

જયશ્રી વાઘેલા (મુંબઈ)

**NG: NOG SS no. 400**
વિષય-રક્ષાબંધન
શીર્ષક-સુતરનો તાંતણો
શબ્દો-૫૫

સુતર ના તાંતણે બંધાયો છે એક સંબંધ ..અકબંધ ..

સુરક્ષાનો અભેદ કિલ્લો છે ..
માડીજાયાની લાગણીના સુગંધિત ફૂલો છે ..

તિલક કરે બેની પ્રેમનું..
કરજો મારા વીરા નું જીવન હેમનું ..

દોરો તો છે કાચો ..
પણ હેયાની પ્રીતનો રંગ છે સાચો ..

બેનીના લાડ ..બેની નો પ્યાર .
ભાઈના જીવનનો ઉલ્લાસ ..
ભાઈના જીવનનો ધબકાર ..

રક્ષાબંધનનો તહેવાર આ મજાનો..
ભાઈ બહેનના પવિત્ર પ્રેમનો ખજાનો..

માલા કકકડ
મોરબી

**[NG: NOG SS NO 390**
વિષય :- રક્ષાબંધન
શિર્ષક :- રક્ષાસૂત્રની કિંમત
પ્રકાર :- ગદ્ય
શબ્દ સંખ્યા :- ૨૧૦

રક્ષાબંધન એ ભાઈ-બહેનના પવિત્ર સંબંધનો પર્વ છે, જ્યાં બહેન ભાઈને રાખડી બાંધે છે અને ભાઈ તેના રક્ષણનું વચન આપે છે. આ પર્વ સાથે ઘણી ઐતિહાસિક અને પૌરાણિક કથાઓ જોડાયેલી છે, જેમાં હુમાયુ અને કર્ણાવતીની કથા ખાસ ઉલ્લેખનીય છે.
ઐતિહાસિક કથા અનુસાર, ચિત્તોડના રાજા રાણા સંગ્રામ સિંહ (રાણા સાંગા)ની વિધવા પત્ની રાણી કર્ણાવતીએ મુઘલ બાદશાહ હુમાયુને રક્ષાબંધનનો દૂત મોકલ્યો હતો. તે સમયે ગુજરાતના સુલતાન બહાદુર શાહે ચિત્તોડ પર હુમલો કર્યો હતો, અને રાજપૂત રાજમાતા કર્ણાવતી તેમજ અન્ય સ્ત્રીઓને જોખમનો સામનો કરવો પડ્યો હતો.
રાણી કર્ણાવતીએ હુમાયુને રાખડી મોકલી અને મદદ માંગી, કારણ કે હુમાયુ રાણા સાંગાનો મિત્ર હતો. રાખડી મળતાં, હુમાયુએ કર્ણાવતીને બહેન તરીકે સ્વીકારી અને રક્ષણનું વચન આપ્યું. તેમણે ચિત્તોડની રક્ષા માટે સૈન્ય મોકલ્યું, પરંતુ દુર્ભાગ્યે મદદ પહોંચતા પહેલાં જ બહાદુર શાહે ચિત્તોડ પર કબ્જો કરી લીધો. રાજપૂત રાણીઓએ જૌહર (આત્મબલિદાન) કર્યું, પણ હુમાયુએ પાછળથી બહાદુર શાહને હરાવી ચિત્તોડ પાછું મેળવ્યું.
આ કથા ભાઈ-બહેનના પવિત્ર સંબંધનું ઉદાહરણ છે, જ્યાં હુમાયુએ રાખડીના ધર્મને નિભાવ્યો અને બહેનના સંકટમાં મદદ કરવાનો પ્રયત્ન કર્યો.
રક્ષાબંધન પર્વ ફક્ત રક્ષા અને વચનબદ્ધતા જ નહીં, પણ અનન્ય પ્રેમ અને વિશ્વાસનું પ્રતીક છે. ભાઈ-બહેનનો સંબંધ જન્મથી જોડાયેલો અને નિઃસ્વાર્થ પ્રેમથી ભરપૂર હોય છે. બહેન ભાઈ પર અડગ વિશ્વાસ રાખે છે, અને ભાઈ બહેનની રક્ષા કરે છે. રાખડીનો ધર્મ ફક્ત રીતરિવાજ નથી, પણ એક પવિત્ર બંધન છે.

**NG: NOGSS NO: 169**
વિષય : રક્ષાબંધન
શીર્ષક : માડીજાયો ખોવાયો
પ્રકાર :પદ્ય - શબ્દો - ૧૩૬

એવા અણધાર્યા તેડાં જોને આવીયા,
આવ્યાં આવ્યાં કાંઈ વૈકુંઠના વિમાન રે વીરા,
બંધવા તમને રે કેમ કરી વિસારું.

વડીલ માડીજાયો ખોવાયો મારી સૈયરુ,
નજરું મારી રાત ને 'દિ' શોધે મારા વીરને,
બંધવા તમને રે કેમ કરી વિસારું.

રજવાડું સરીખું મારું પિયરિયું સુનું થયું પ્રભુ,
ક્યાં ચલાવું? વહાલા સ્વજનની શોધ વિભુ!
બંધવા તમને રે કેમ કરી વિસારું.

આવ્યું રક્ષાબંધનનું પર્વ, રુએ મારી આંખલડી
રાખડીનો બંધાવનાર મને વ્હાલેરો ઘણેરો,
બંધવા તમને રે કેમ કરી વિસારું.

અસ્થિ વિસર્જન કેરાં નર્મદાનાં ઘાટ ઝાઝા,
વીરા! સ્મૃતિ વિસર્જન ક્યાં જઈને કરું?
બંધવા તમને રે કેમ કરી વિસારું.

વીરા! રાખડી મારી જોશે તમારી વાટડી,
રોઈ રોઈને ભરશે સરવર, મારી આંખડી,
બંધવા તમને રે કેમ કરી વિસારું.

ગંગા માવડી તમારી શબરી જેમ જુએ વાટ,
માવતર રહે ને દીકરો જાય આ ક્યાંનો ન્યાય?
બંધાવા તમને રે કેમ કરી વિસારું.

લતાબેન ચૌહાણ 'સોનાવેલ' ગોધરા

**NG: NOG.ss No. 213**
વિષય :- 'રક્ષાબંધન'
શીર્ષક :- 'બેનીના હેત'
પ્રકાર :- પદ્ય,(શબ્દો :-૧૪૩)

માડીના ગુલાબી પાલવનો અણસાર,
મારા બાપુની ઘોડીનો તું છે અસવાર,
નદીના નીર જેમ ચાલી હું સાગરને પાર,
વીરા !
કેમરે ભૂલું તારી પ્રિતનો અણસાર.

મેં તો કાંખે ઘાલી તને મંદિર મેલ્યો'તો,
પાણીડા ભરતા તને આંગળિયે જાલ્યો'તો,
સાત સાત દોરાની, મેતો ગાંઠે બાંધ્યો'તો.
વીરા ! કેમરે ભૂલું તારી પ્રિતનો અણસાર.

માડીની છાતીએ રોજ રોજ પોઢતા દીઠેલો,
જવ-તલને હોમતા આ મારી આંખે દીઠેલો,
મારા દાદાની લાકડીનો તું બનતો અસવાર,
વીરા ! કેમરે ભૂલું તારી પ્રિતનો અણસાર.

જે'દી આદર્યાતા ઉપવાસ શ્રાવણમાં બાપુએ,
ને પથ્થરના દેવ જે'દી કીધા'તા માડીએ,
ત્યારે ઊગ્યો છે મારે આંગણે સોનાનો સૂરજ,
વીરા ! કેમરે ભૂલું તારી પ્રિતનો અણસાર.

હાય રે ! જોબન ભૂંડું, મને ક્યાંથી તે આવ્યું ?
ને, હું ઊભી છું વિદેશ, મારા સાસરિયાની વાટ,
જોને શ્રાવણનો ચાંદ ઓલા આકાશે ચમકે છે,
વહેલી તે આવું, લઈને મારો સુતરનો તાંતણો,
વીરા ! કેમરે ભૂલું તારી પ્રિતનો અણસાર.
(કવિ શ્રી યોગેશભાઈ પંડયા 'સ્વજન' જુનાગઢ)

**NG: NOG SS NO.343**
વિષયઃ- રક્ષાબંધન
શીર્ષક :- સંસ્કારની રોશની
પ્રકારઃ- પધ શબ્દો :- ૬૦

રક્ષાબંધન ભાઈ બહેનનો પારિવારિક સંબંધનો શ્રેષ્ઠ તહેવાર છે અખિલ સૃષ્ટિ,

માબાપ ભાઈ સાથેની જુની સ્મૃતિઓ બહેનની ચક્ષુમાં રહે સદા નિજમન દ્રષ્ટિ,

સ્નેહ લાગણીનાં તાંતણે બાંધી રક્ષા માટે બહેન ભાઈ પર પ્રેમ વર્ષાની કરે વૃષ્ટિ,

બહેન નીજ આશા અપેક્ષા છોડી પરિવાર ભાઈથી રહે સંતોષ સાથે સંતુષ્ટિ,

' ચંદ્ર ' સૂર્યની જેમ બહેન પિયર થી સાસરિયાંમાં પણ રોશની ફેલાવી કરે સંસ્કારની પૃષ્ટી.
' ચંદ્ર ' ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

**NG: NOG SS NO 384.** વિષયઃ રક્ષાબંધન. શીર્ષકઃ બેની બાંધે અમ્મર રાખડી.. પ્રકારઃ પદ્ય.
શબ્દોઃ૧૧૩.
પવિત્રતા નું પર્વ રક્ષા બંધન.
એક ધાગાના તાંતણે બંધાય લાગણી .
વીરાની લાડકવાયી બેની .
બાંધે રક્ષા સૂત્ર કરે સદા રક્ષણ તેનું .
માડી જાયાની પ્યારી બહેના .
પૂનમના ચાંદ ની જેમ ખીલે તારું જીવન .
શાસ્ત્રો કહે છે યુદ્ધમાં વીરને બાંધે રક્ષા સૂત્ર .
અભિમન્યુને કુંતા બાંધે રાખડી .
દ્રૌપદીના પૂરે ચીર નંદનો ગોપાલ .
રાખડી બંધાવી ચુકવે વ્હાલો ઋણ .
રાજા રજવાડામાં રાખડીના ઊંચા મૂલ .
ભાઈ અને બહેનને જોડે ભવોભવ .
ભાવ સંવેદના અને પ્રેમનો ઉપહાર રક્ષાબંધન .
એક ધાગો એક માતાના સંતાન સૂચવે સાચો પ્રેમ .
બાળપણ ને સતત વાગોળે તે દિવસ રક્ષાબંધન.
તિલક કરી લલાટે વીરાને બેની બાંધે અમ્મર રાખડી.
ડૉ સતિષ એસ. પટેલ "પ્રકૃતિ રક્ષક "અમદાવાદ.

# ગાંધીનગર ખાતે ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરપર્સન, નવા નિમણુંક પામેલા સભ્યો અને જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના સભ્યો માટે બાળ સુરક્ષા વિષયક વર્કશોપ યોજાયો

મિશન વાત્સલ્ય હેઠળ બાળ સુરક્ષા વિષયક વર્કશોપનો સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા અને રાજયમંત્રી શ્રી ભીખુસિંહજી પરમારે ગાંધીનગર ખાતે શુભારંભ કરાવ્યો હતો. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સમાજ સુરક્ષા પ્રભાગ તથા સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી તેમજ સ્ટેટ એડોપ્શન રિસોર્સ એજન્સીના સંયુક્ત ઉપક્રમે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડમાં નવ નિમણૂંક પામેલા સભ્યોને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કાર્યનું અભિન્ન અંગ ગણાવતાં જણાવ્યું હતું કે, દેશના ભવિષ્યના નાગરિક એવા આજના બાળકોને ઉછેર કરીને તેમને શ્રેષ્ઠ નાગરિક બનાવવા માટેની શરૂઆત તમારે કરવાની છે. કોઈ કારણસર ખોટી દિશામાં ગયેલા બાળકોને યોગ્ય દિશામાં લાવવા તેમને કાઉન્સેલિંગ કરી યોગ્ય શિક્ષણ આપવાનું સેવાકીય કામ પણ આપણે સૌએ કરવાનું છે. કોઈ બાળક સંજોગોવસાત ભુલ કરે અને તે કાયદાના સંઘર્ષમાં આવે છે, ત્યારે તેને ન્યાય અપાવવાનું કામ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ (ત્તત્ત્મ)નું છે.બાળ સંરક્ષણ ગૃહમાં આવેલા બાળકોનું પુનર્વસન કરી તેમને મુખ્ય પ્રવાહમાં લાવવાના છે તેમ જણાવી મંત્રીશ્રીએ કહ્યું હતું કે, તમારે બાળકોને સંરક્ષણ ગૃહમાં પરિવાર જેવું વાતાવરણ પૂરું પાડવાનું છે. બાળ મજૂરી, બાળ લગ્ન કે બાળ તસ્કરી જેવા ગંભીર ગુનાઓથી પીડિત બાળકોને યોગ્ય રક્ષણ આપીને, તેમના જીવનમાં એક નવી આશાનો સંચાર કરવાનો છે. આપનું દરેક પગલું બાળકના શ્રેષ્ઠ હિતને પ્રાધાન્ય મળે તે જોવાનું છે.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તમારી ભૂમિકા માત્ર ન્યાય આપવા પૂરતી નથી, પરંતુ બાળકના પુનર્વસન, શિક્ષણ અને સમાજમાં પુનઃસ્થાપન માટેની યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની પણ છે. આપ સૌએ બાળકના વાલી બનીને તેમને યોગ્ય સલાહ, માર્ગદર્શન અને તાલીમ આપવાની છે. તમારા યોગ્ય માર્ગદર્શન થકી તે ભવિષ્યમાં એક જવાબદાર નાગરિક બની દેશને ઉપયોગી સાબિત થઈ શકશે. બાળકોને કાયદાકીય ગૂંચવણોથી બચાવવા અને તેમને ઝડપી ન્યાય આપવા માટે સતર્ક રહેવા જણાવી મંત્રીશ્રીએ કહ્યું હતું કે, બાળ કલ્યાણ સમિતિ અને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ વચ્ચેનું સંકલન મજબૂત હોવું ખુબ જ જરૂરી છે. આજના વર્કશોપનો મુખ્ય ઉદેશ્ય બાળ કલ્યાણ સમિતિના સભ્યોમાં બાળ અધિકાર આધારિત અભિગમ અપનાવવો અને બાળકો સાથે મૈત્રીપૂર્ણ વાતાવરણ કેળવી તેમના પ્રત્યે સંવેદનશીલતા અને સુરક્ષાના વિષયો પ્રત્યે ચેતના લાવવાનો છે.સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહ પરમારે પ્રાસંગિક ઉદબોદન કરતા જણાવ્યું હતું કે, જ્યારે કોઈ બાળક કાયદાના સંઘર્ષમાં આવે છે, ત્યારે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ તેના માટે આશાનું કિરણ બને છે. રાજ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, અહીં ઉપસ્થિત સૌનો ઉદ્દેશ દરેક બાળકને તેનો યોગ્ય હક મળે, તેનું બાળપણ સુરક્ષિત રહે અને તે એક સન્માનજનક જીવન જીવી શકે તેવો જ હોવો જોઈએ. અંતે તેમણે જણાવ્યું હતું કે ચાલો આપણે એવા સમાજનું નિર્માણ કરીએ જ્યાં કોઈ પણ બાળક તેના અધિકારોથી વંચિત ન રહે.બાળ અધિકાર આયોગના અધ્યક્ષ શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરે જણાવ્યું હતું કે, જ્યારે બાળકોને ભગવાનનું સ્વરૂપ ગણવામાં આવે છે ત્યારે તમારે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય બનાવવાના મહત્વના આ કાર્યમાં પોતાનું યોગદાન આપવાનું છે. તમારે બાળકોના શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષાને પ્રાધાન્ય આપી કાર્ય કરવાનું છે. બાળકોના ભવિષ્ય ઉજ્જવળ બને તેના માટે કાર્યરત રહેવા તેમણે અનુરોધ કર્યો હતો.

વિકસતી જાતિ પ્રભાગના નિયામક શ્રી વિક્રમસિંહ જાદવ દ્વારા આ પ્રસંગે સ્વાગત ઉદ્બોધન કરતા સર્વ મહાનુભાવો સહિત તાલીમાર્થીઓનું સ્વાગત કરી, નવી નિમણૂક પામેલા સભ્યોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સી. ડબ્લ્યુ. સી અને જે. જે. બી.ના સભ્યો માટેના આ કાર્યક્રમમાં તેમણે તેમની કામગીરીની રૂપરેખા આપી હતી. ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરપર્સન, નવા નિમણુંક પામેલા સભ્યો અને જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના સભ્યો માટે બાળ સુરક્ષા વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ શ્રી મોહમ્મદ શાહીદે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ વર્કશોપના ઉદ્ઘાટન સમારોહમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શિલ્પાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ તથા સમાજ સુરક્ષા પ્રભાગના સંયુક્ત નિયામક શ્રી હંસાબેન વાળા તથા ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના નવા નિમણૂંક પામેલા સભ્યો હાજર રહ્યાં હતા.

# ગુજરાત હાઈકોર્ટનો ખેડૂતોના હિતમાં મોટો ચુકાદો, ૧૫૦૦૦ ખેડૂતોને મળશે પાક વીમાની રકમ



૬ વર્ષની લાંબી કાનૂની લડાઈ બાદ આખરે ગુજરાતના ખેડૂતોને મોટી રાહત મળી છે. ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૭-૧૮ના ખરીફ પાકમાં થયેલા નુકસાન અંગે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે જીઆઈ ઈન્શ્યોરન્સ કંપનીને આદેશ આપ્યો છે કે તે લાયકાત ધરાવતા ૧૫,૦૦૦ ખેડૂતોને પાક વીમાની રકમ ૮ ટકા વ્યાજ સાથે ચૂકવે. આ કુલ રકમ ૭ કરોડ રૂપિયાથી વધુ થવાનો અંદાજ છે.આ કેસમાં સરકારે એક કમિટીની રચના કરી હતી, જેણે ખેડૂતોને થયેલા નુકસાનની તપાસ કરી હતી. કમિટીના રિપોર્ટમાં ખેડૂતોને વળતર ચૂકવવાની ભલામણ કરવામાં આવી હતી. હાઈકોર્ટે આ રિપોર્ટને માન્ય રાખીને વીમા કંપનીના વાંધાઓને ફગાવી દીધા છે.વીમા કંપનીએ દાવો કર્યો હતો કે સરકાર સાથે થયેલા કરાર મુજબ તે આ ચૂકવણી માટે જવાબદાર નથી. જોકે, હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે વીમા કંપની અને સરકાર વચ્ચેના કરારથી ખેડૂતોને કોઈ પણ પ્રકારની હાનિ ન થવી ન જોઈએ. અદાલતે કહ્યું કે ખેડૂતોએ સમયસર પ્રીમિયમ ભર્યું છે અને તેમને વીમાનો લાભ મળવો જ જોઈએ.આ ચુકાદાથી જે ખેડૂતોએ વ્યક્તિગત રીતે પોતાના દાવા રજૂ કર્યા હતા, તેમને પણ હવે દાદ માગવાનો વિકલ્પ ખુલ્લો થયો છે. આ ચુકાદાને કારણે રાજ્યના હજારો ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ છે અને આશા રાખવામાં આવી રહી છે કે ભવિષ્યમાં આવા કિસ્સાઓમાં ખેડૂતોને ન્યાય ઝડપથી મળશે.લાયક ખેડૂતોને જુલાઈ ૨૦૨૩થી બેંક વ્યાજ સાથે વીમા સહાયની ચૂકવણી કરવા ગુજરાત હાઈકોર્ટ દ્વારા આજે થયેલી સુનાવણીમાં હુકમ કરવામાં આવ્યો છે. આ પૂર્વે ૭ ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ જીઝછ/૧૯૩૯૦/૨૦૧૮ માં ખેડૂતોને વીમા ચૂકવણીની પ્રક્રિયા ત્રણ મહિનામાં પૂરી કરવા હુકમ કરવામાં આવ્યો હતો.જે ખેડૂતોના નામ સરકાર દ્વારા સુપરત કરવામાં આવેલા ૧૧ જુલાઇ ૨૦૨૩ના રિપોર્ટમાં ન હોય એવા ખેડૂતો સક્ષમ અધિકારી સમક્ષ પોતાની રજૂઆત કરી શકશે એ મુજબનું અવલોકન પણ નામદાર ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમુર્તિ દ્વારા કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૭માં ગુજરાતમાં પૂરની પરિસ્થિતિને પગલે ખેડૂતોને ખૂબ જ નુકસાન થયું હતું. જેમાં વીમા કંપની દ્વારા વીમાની રકમની ચૂકવણી ન કરતા ગુજરાતના અન્ય ખેડૂતો સહિત સુરેન્દ્રનગરના ખેડૂતો દ્વારા નામદાર હાઈકોર્ટ સમક્ષ પિટિશન કરવામાં આવી હતી.

## સુરતમાં પે એન્ડ પાર્કના કોન્ટ્રાકટરોની ઉઘાડી લૂંટ : પાર્કિંગ સ્લીપના મશીન સાથે ચેડા કરી બાઈકના ભાવમાં ગડમથલ




સુરત પાલિકાએ જાહેર રસ્તા પર આપેલા પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટ લોકો માટે આફત બની રહ્યાં છે. શહેરમાં અનેક જગ્યાએ પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટરો વાહન ચાલકોને લૂંટી રહ્યા છે. પાલિકાએ બાઈકનો મીનીમમ ચાર્જ ૧૦ રૂપિયા નક્કી કર્યો છે પરંતુ કોન્ટ્રાક્ટરો મશીન સાથે ચેડા કરીને વાહન ચાલકો પાસે ડબલ ભાવ વસુલી રહ્યા છે. આ અંગે પાલિકાને ફરિયાદ મળતા પાલિકાએ તપાસ શરૂ કરી છે.

સુરત પાલિકાએ આવકના સ્ત્રોત માટે શહેરમાં અનેક જગ્યાએ પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટ આપ્યા છે. જોકે, પાલિકા તેમાંથી કમાણી કરી રહી છે પરંતુ મોટાભાગના પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટર સુરતના વાહન ચાલકો પાસે મન ફાવે તેમ પૈસા પડાવી રહ્યા છે. પાલિકાના સેન્ટ્રલ ઝોનમાં પાણીની ભીત પાસે પાલિકાએ પે એન્ડ પાર્કનો કોન્ટ્રાક્ટ આપ્યો છે. આ જગ્યાનો મહત્તમ ઉપયોગ ચૌટા બજાર ખાતે ખરીદી કરનાર મહિલાઓ અને આસપાસ આવતા લોકો કરે છે. આ કોન્ટ્રાક્ટ શ્રી કુબેરજી નામની સંસ્થાને આપવામાં આવ્યો છે. પરંતુ અહીના કોન્ટ્રાક્ટર લોકો પાસે વધુ પૈસા પડાવતા હોવાની ફરિયાદ બહાર આવી છે.

પાલિકાએ પે એન્ડ પાર્કનો કોન્ટ્રાક્ટ આપ્યો છે તેની સાથે કેટલીક શરતો કરી છે. જેમાં બાઈક પાર્કિંગ માટે પહેલા ત્રણ કલાક સુધી મીનીમમ ૧૦ રૂપિયા વસુલવાના છે. પરંતુ કોન્ટ્રાક્ટરે મશીન સાથે ચેડા કરીને મિનિમમ ૨૦ રૂપિયા કરી રસીદ આપી દીધી છે. આ અંગે પાલિકાને ફરિયાદ મળતા પાલિકા તંત્ર એ તાત્કાલિક તપાસ હાથ ધરી છે. પાલિકા તંત્ર કહે છે બાઈક માટે પહેલા ત્રણ કલાક માટે મીનીમમ ૧૦ રૂપિયાનો જ નિયમ છે. આ રસીદ છે તે ખોટી છે અને કોન્ટ્રાક્ટરને બોલાવી તપાસ કરવામાં આવશે.

પાલિકાએ તપાસ હાથ ધરી છે પરંતુ પે એન્ડ પાર્કમાં અનેક ગેરરીતિઓ થઈ રહી હોવાની પણ ફરિયાદ છે. જ્યાં પે એન્ડ પાર્ક નો કોન્ટ્રાક્ટ હોય ત્યાં બોર્ડ પર પાર્કિંગ ફી દર્શાવવાની હોય છે.

## રહીશો પરેશાન:સેક્ટર-૩બીમાં ઘર-આંગણે ઉભરાતી ગટરોથી પરેશાની



ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાવાની સમસ્યા વ્યાપક બની છે. મોટાભાગના સેક્ટરોમાં આ સ્થિતિને કારણે નાગરિકો પારાવાર હાલાકી ભોગવી રહ્યા છે. જેની સામે તંત્ર લાચાર બન્યું છે. સેક્ટર-૩ બીમાં ઘર આંગણે જ ગટરના ગંદા પાણી ઉભરાતા હોવાથી રહિશો રોગચાળાની દહેશત અનુભવી રહ્યા છે.

સેક્ટર-૩બીમાં પાણી માટેની અંડરગ્રાઉન્ડ ટાંકીમાં જ ગટરના ગંદા પાણી ઘૂસી ગયા છે. એકતરફ તંત્ર દ્વારા મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે પ્રયાસ કરી રહી છે બીજીતરફ આ પ્રકારના ગંદા પાણી ભરાઇ રહેતા રોગચાળાનો ભય ઉભો થયો છે. ડ્રેનેજ ઇન્કવાયરીમાં ફરિયાદ કરવા છતાં હજુ સુધી કોઇ ઉકેલ લવાયો નથી. એકતરફ નવી ડ્રેનેજ લાઇન નાંખવામાં આવી રહી છે બીજીતરફ હયાત ડ્રેનેજ લાઇન ઉભરાવાને કારણે નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

## સેક્ટર ૧૫ કોમર્સ કોલેજ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા ઘરે ઘરે તિરંગો સન્માન ભેર લહેરાવા નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો



'હર ઘર તિરંગા,હર ઘર સ્વચ્છતા' અંતર્ગત ગાંધીનગર, સેક્ટર-૧૫ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પ્રિન્સિપલ શ્રી સુતરીયા ની અધ્યક્ષ સહર્ષ સેલ્ફી બુથ પર સેલ્ફી લેતા તથા તિરંગો હાથમાં પકડી ઘરે ઘરે તિરંગો સન્માન ભેર લહેરાવા નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.આ અવસરે કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી દ્વારા ઘર ઘર તિરંગા અંતર્ગત દરેક લોકો પોતાના ઘર પર તિરંગો સન્માનભેર લહેરાવે તેવો સંદેશ આપતા વિદ્યાર્થીઓને આ પહેલમાં જોડાવા અપીલ કરવા સાથે, તિરંગા સાથે જોડાયેલ રસપ્રદ વાતો અને તેનું સન્માન કેવી રીતે જાળવવું તેની પણ વિગતવાર માહિતી આપી હતી. આ સાથે આગામી સમયમાં તિરંગા યાત્રાનું આયોજન કરવાની પણ તેમણે તૈયારી દર્શાવી છે.

## પંચેશ્વર- રામજી મંદિરમાં રૂની દીવેટોની કલાત્મક સજાવટ કરીને શ્રી હરિના હિંડોળાને શણગારાયો

પંચેશ્વર- રામજી મંદિરમાં છેલ્લા બે અઠવાડિયાથી શ્રી હરિનો હિંડોળા મહોત્સવ ઊજવાઇ રહ્યો છે , જેના ભાગ રૂપે આજે રૂની દીવેટોને કલાત્મક રીતે સજાવટ કરીને શ્રી હરિના હિંડોળાને નયનરમ્ય આકર્ષિત રીતે શણગારવામાં આવ્યો છે.

પંચેશ્વર-રામજી મંદિરમાં દરરોજ જુદી જુદી થીમ ઉપર બહેનો દ્વારા સજાવાતા હિંડોળા સમગ્ર ગાંધીનગર અને આસપાસના પંથકમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હોઇ વહેલી સવારથી જ મોટી સંખ્યામાં કલાત્મક હિંડોળામાં શ્રી હરિને ઝુલાવવા ઊમટી પડે છે. હજું એક અઠવાડિયા સુધી મંદિરમાં જુદી જુદી થીમ ઉપર હિંડોળા શણગારવામાં આવશે.



# ગાંધીનગર ખાતે ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરપર્સન, નવા નિમણુંક પામેલા સભ્યો અને જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના સભ્યો માટે બાળ સુરક્ષા વિષયક વર્કશોપ યોજાયો

મિશન વાત્સલ્ય હેઠળ બાળ સુરક્ષા વિષયક વર્કશોપનો સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા અને રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમારે ગાંધીનગર ખાતે શુભારંભ કરાવ્યો હતો. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સમાજ સુરક્ષા પ્રભાગ તથા સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી તેમજ સ્ટેટ એડોપ્શન રિસોર્સ એજન્સીના સંયુક્ત ઉપક્રમે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડમાં નવ નિમણૂંક પામેલા સભ્યોને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કાર્યનું અભિન્ન અંગ ગણાવતાં જણાવ્યું હતું કે, દેશના ભવિષ્યના નાગરિક એવા આજના બાળકોને ઉછેર કરીને તેમને શ્રેષ્ઠ નાગરિક બનાવવા માટેની શરૂઆત તમારે કરવાની છે. કોઈ કારણસર ખોટી દિશામાં ગયેલા બાળકોને યોગ્ય દિશામાં લાવવા તેમને કાઉન્સેલિંગ કરી યોગ્ય શિક્ષણ આપવાનું સેવાકીય કામ પણ આપણે સૌએ કરવાનું છે. કોઈ બાળક સંજોગોવસાત ભુલ કરે અને તે કાયદાના સંઘર્ષમાં આવે છે, ત્યારે તેને ન્યાય અપાવવાનું કામ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ (ત્તત્તમ)નું છે.

બાળ સંરક્ષણ ગૃહમાં આવેલા બાળકોનું પુનર્વસન કરી તેમને મુખ્ય પ્રવાહમાં લાવવાના છે તેમ જણાવી મંત્રીશ્રીએ કહ્યું હતું કે, તમારે બાળકોને સંરક્ષણ ગૃહમાં પરિવાર જેવું વાતાવરણ પૂરું પાડવાનું છે. બાળ મજૂરી, બાળ લગ્ન કે બાળ તસ્કરી જેવા ગંભીર ગુનાઓથી પીડિત બાળકોને યોગ્ય રક્ષણ આપીને, તેમના જીવનમાં એક નવી આશાનો સંચાર કરવાનો છે. આપનું દરેક પગલું બાળકના શ્રેષ્ઠ હિતને પ્રાધાન્ય મળે તે જોવાનું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તમારી ભૂમિકા માત્ર ન્યાય આપવા પૂરતી નથી, પરંતુ બાળકના પુનર્વસન, શિક્ષણ અને સમાજમાં પુનઃસ્થાપન માટેની યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની પણ છે. આપ સૌએ બાળકના વાલી બનીને તેમને યોગ્ય સલાહ, માર્ગદર્શન અને તાલીમ આપવાની છે. તમારા યોગ્ય માર્ગદર્શન થકી તે ભવિષ્યમાં એક જવાબદાર નાગરિક બની દેશને ઉપયોગી સાબિત થઈ શકશે.

બાળકોને કાયદાકીય ગૂંચવણોથી બચાવવા અને તેમને ઝડપી ન્યાય આપવા માટે સતર્ક રહેવા જણાવી મંત્રીશ્રીએ કહ્યું હતું કે, બાળ કલ્યાણ સમિતિ અને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ વચ્ચેનું સંકલન મજબૂત હોવું ખુબ જ જરૂરી છે. આજના વર્કશોપનો મુખ્ય ઉદેશ્ય બાળ કલ્યાણ સમિતિના સભ્યોમાં બાળ અધિકાર આધારિત અભિગમ અપનાવવો અને બાળકો સાથે મૈત્રીપૂર્ણ વાતાવરણ કેળવી તેમના પ્રત્યે સંવેદનશીલતા અને સુરક્ષાના વિષયો પ્રત્યે ચેતના લાવવાનો છે.



સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહ પરમારે પ્રાસંગિક ઉદબોદન કરતા જણાવ્યું હતું કે, જ્યારે કોઈ બાળક કાયદાના સંઘર્ષમાં આવે છે, ત્યારે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ તેના માટે આશાનું કિરણ બને છે. રાજ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, અહીં ઉપસ્થિત સૌનો ઉદેશ દરેક બાળકને તેનો યોગ્ય હક મળે, તેનું બાળપણ સુરક્ષિત રહે અને તે એક સન્માનજનક જીવન જીવી શકે તેવો જ હોવો જોઈએ. અંતે તેમણે જણાવ્યું હતું કે ચાલો આપણે એવા સમાજનું નિર્માણ કરીએ જ્યાં કોઈ પણ બાળક તેના અધિકારોથી વંચિત ન રહે.

બાળ અધિકાર આયોગના અધ્યક્ષ શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરે જણાવ્યું હતું કે, જ્યારે બાળકોને ભગવાનનું સ્વરૂપ ગણવામાં આવે છે ત્યારે તમારે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય બનાવવાના મહત્વના આ કાર્યમાં પોતાનું યોગદાન આપવાનું છે. તમારે બાળકોના શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષાને પ્રાધાન્ય આપી કાર્ય કરવાનું છે. બાળકોના ભવિષ્ય ઉજ્જવળ બને તેના માટે કાર્યરત રહેવા તેમણે અનુરોધ કર્યો હતો. વિકસતી જાતિ પ્રભાગના નિયામક શ્રી વિક્રમસિંહ જાદવ દ્વારા આ પ્રસંગે સ્વાગત ઉદ્બોધન કરતા સર્વ મહાનુભાવો સહિત તાલીમાર્થીઓનું સ્વાગત કરી, નવી નિમણૂક પામેલા સભ્યોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સી. ડબ્લ્યુ. સી અને જે. જે. બી.ના સભ્યો માટેના આ કાર્યક્રમમાં તેમણે તેમની કામગીરીની રૂપરેખા આપી હતી.



ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરપર્સન, નવા નિમણુંક પામેલા સભ્યો અને જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના સભ્યો માટે બાળ સુરક્ષા વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ શ્રી મોહમ્મદ શાહીદે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ વર્કશોપના ઉદ્ઘાટન સમારોહમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શિલ્પાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ તથા સમાજ સુરક્ષા પ્રભાગના સંયુક્ત નિયામક શ્રી હંસાબેન વાળા તથા ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના નવા નિમણૂંક પામેલા સભ્યો હાજર રહ્યાં હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.